# MBA-MCA અભ્યાસક્રમ પ્રવેશ વર્ષ-૨૦૧૯

## ઓનલાઈન પ્રવેશ કાર્યક્રમના રાઉન્ડ-૨ માં મળેલ પ્રવેશ Confirm કાયમ કરવા તથા સંસ્થા ખાતે રીપોર્ટીંગ કરવા અગત્યની સૂચના

1. જે ઉમેદવારોને રાઉન્ડ-૧ માં **Govt. / GIA** માં રૂા. ૧૫૦૦/- ફી ભરી પ્રવેશ કાયમ કરેલ હોય અને રાઉન્ડ-૨ માં **SFI Institute** માં પ્રવેશ મળેલ હોય તેમણે રૂા. ૧૮,૫૦૦/- ટ્યૂશન ફીની રકમ તા. ૦૩-૦૮-૨૦૧૯ થી તા. ૦૬-૦૮-૨૦૧૯ દરમ્યાન રોકડા **ICICI Bank** ની નિર્ધારીત શાખામાં અથવા ઓનલાઈન જમા કરાવી પોતાનો પ્રવેશ કાયમ કરી શકશે. ત્યારબાદ ઉમેદવારે પોતાના **Login ID** માંથી **Admission Detail** ઉપર ક્લીક કરી પોતાની **Admission Slip** ની પ્રિન્ટ આઉટ મેળવી લેવી **ફરજીયાત છે.**
2. જે ઉમેદવારોને રાઉન્ડ-૨ માં પહેલીજ વાર એડમીશન મળેલ છે તેમણે **Govt. / GIA** સંસ્થાની રૂા. ૧૫૦૦/- તથા **SFI Institute** સંસ્થા માટે રૂા. ૨૦,૦૦૦/- ટોકન ટ્યૂશન ફી બેંકમાં અથવા ઓનલાઈન ભરી એડમીશન સ્લીપ કાઢી લેવી ફરજીયાત છે. ત્યાર બાદ તે ઉમેદવારનો પ્રવેશ કાયમ થશે.
3. જે ઉમેદવારોની **Payment Slip** માં શૂન્ય ફી **(Zero Fee)** દર્શાવેલ હોય અથવા કોઈ પણ પ્રકારની ફી ભરવાની ન હોય અથવા જે ઉમેદવારોને પહેલા રાઉન્ડમાં **SFI Institute** માં પ્રવેશ મળેલ છે અને બીજા રાઉન્ડમાં **Govt. / GIA** સંસ્થામાં પ્રવેશ મળેલ હોય તેવા ઉમેદવારોએ પોતાના **Login ID** ની મદદથી ઓનલાઈન પ્રવેશ કાયમ કરવાનો રહેશ. આવા ઉમેદવારે પ્રવેશ કાયમ કરવા માટે **Accept** **બટન** ઉપર ક્લીક કરવાનું રહેશે અને **Admission Slip** ની પ્રિન્ટ આઉટ મેળવી લેવી ફરજીયાત છે. જે ઉમેદવારો **Decline** બટન પર ક્લીક કરશે તેઓનો પ્રવેશ કાયમ થશે નહિ. આથી તેનો **Online** પ્રવેશ કોઈ પણ સંસ્થામાં કાયમ થશે નહિ.
4. ઉમેદવારોએ પ્રવેશ મળેલ સંસ્થા ખાતે એનરોલમેન્ટ માટે **Admission Slip,** બેંક ચલણ તથા પ્રમાણપત્રોની નકલ સાથે તા. ૦૫-૦૮-૨૦૧૯ થી તા. ૦૬-૦૮-૨૦૧૯ સુધીમાં રીપોર્ટીંગ કરાવવાનું રહેશે.
5. જે ઉમેદવારોને પ્રવેશ સમિતિ દ્વારા ઓનલાઈન મળેલ પ્રવેશ રદ કરાવવો હોય તેવા ઉમેદવારોએ તા. ૦૩-૦૮-૨૦૧૯ થી તા. ૦૭-૦૮-૨૦૧૯ સુધીમાં પોતાના **Login ID** ની મદદથી ઓનલાઈન પ્રવેશ રદ કરાવી શકશે અને તેઓને નિયમાનુસાર ફી રીફંડ મળવાપાત્ર રહેશે જેની દરેક વિદ્યાર્થી તથા વાલીગણે નોંધ લેવી.

તા. ૦૩-૦૮-૨૦૧૯

— મેમ્બર સેક્રેટરી